BUSINESS મિત્ર

શેરબજારમાં તેજીની હેટ્રિક : સેન્સેક્સમાં 208 પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી 25900ને પાર

બજારમાં તેજીથી રોકાણકારોને રૂ. 81 હજાર કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: વૈશ્વિક મજબૂત સંકેતોના પગલે આજે ભારતીય શેરબજારમાં સતત ત્રીજા દિવસે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આમ, શેરબજારમાં તેજીની હેટ્રિક જોવા મળી હતી. ભારત-અમેરિકા ટ્રેડ ડીલનો પોઝિટિવ માહોલ જોવા મળ્યો હતો. આમ, ચોતરફી ખરીદી જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં પણ સુધારાની ચાલ જોવા મળી હતી. એનએસઇ એડવાન્સ-ડિકલાઇન રેશિયો 3 શેરો સામે 2 શેરો ઘટયા હતા.

સેકટર વાઇઝ જોઇએ તો ફાર્મા અને પીએશયુ બેન્કને છોડીને તમામ સેકટરોમાં પોઝિટિવ વલણ જોવાયા હતા. મીડિયા ઇન્ડેક્સમાં સૌથી વધુ 2 ટકા તેજી સાથે બંધ રહ્યા હતા. જ્યારે ઓટો ઇન્ડેક્સ એક ટકાનો સુધારો જોવાયો હતો. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 474.15 લાખ કરોડ પર પહોંચી ગયું હતું, જે ગત સેશનમાં રૂ. 473.34 લાખ કરોડનું હતું. આમ, આજના ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોને રૂ. 81 હજાર કરોડની કમાણી થઇ હતી.

બીએસઇ સેન્સેક્સ 208.17 પોઇન્ટ એટલે કે 0.25 ટકા વધીને 84273.92 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 84482 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84063 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 67.85 પોઇન્ટ એટલે કે 0.26 ટકા વધીને 25900 પોઇન્ટની સપાટી કુદાવીને 25935.15 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25989 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25870 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 42.95 પોઇન્ટ એટલે કે 0.07 ટકા વધીને 60626.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ફાઇઝર 69.86 ગણા, બાટા ઇન્ડિયા 14.29 ગણા, જ્યોથિ લેબ 9.35 ગણા, ટાટા સ્ટીલ 7.48 ગણા, નવીન ફ્લોરીન 7 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ફાઇઝર લ. 86 ગણા, પ્રાજ ઇન્ડ. 36.72 ગણા, લિન્ડે ઇન્ડિયા 25.75 ગણા, બાટા ઇન્ડિયા 17.23 ગણા, સન ટીવી નેટવર્ક 13.35 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ આગળ વધી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.21 ટકાઅને સ્મોલકેપ ઇન્ડેક્સમાં 0.46 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2620 શેરો વધ્યા હતા.

સેન્સેક્સ	208.17	84273.92
નિફ્ટી	67.85	25935.15
બેન્ક નિફ્ટી	-42.95	60626.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	5.18	303.80
ટાટા સ્ટીલ	2.98	208.01
ઓએનજીસી	2.08	272.15
બજાજ ઓટો	1.92	9774.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.83	3675.80

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.80	1573.10
બજાજ ફાઇનાન્સ	1.79	965.60
ડો. રેડ્ડીઝ લેબ	1.53	1256.00
શ્રીરામ ફાઇનાન્સ	1.33	1048.60
ભારતી એરટેલ	1.32	2011.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	5.19	303.85
ટાટા સ્ટીલ	2.89	207.95
મહિન્દ્રા-મહિન્દ્રા	1.79	3675.40
પાવરગ્રીડ	1.69	294.55
ટેક મહિન્દ્રા	1.66	1647.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.86	1572.30
બજાજ ફાઇનાન્સ	1.80	965.35
ભારતી એરટેલ	1.36	2010.80
એશિયન પેઇન્ટસ	0.77	2398.60
એચડીએફસી બેન્ક	0.55	932.10

રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: કરન્સી બજારમાં ડોલરની તેજીને બ્રેક વાગી હતી અને રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 21 પૈસા સુધરીને 90.57ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.78ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.83, પાઉન્ડ 124.08, કેનેડિયન ડોલર 67.09, ઓસ્ટ્રેલિયન ડોલર 64.30, જાપાનીઝ યેન 0.5853, સીંગાપોર ડોલર 71.88ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.57 રૂ.
યુરો	107.83 રૂ.
પાઉન્ડ	124.08 રૂ.
યેન	0.5853 રૂ.

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૯૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૧૦૮૦
તેજાબી સોનું	૧૬૦૯૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૩૦૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૭૮૬૦
સોનાનાં બિસ્કીટ	૧૬૧૦૮૦૦
ચાંદી (૯૯૯)	૨૬૬૭૦૦
ચાંદી સિક્કા	૨૬૮૨૦૦

ચાંદીના ભાવમાં રૂ. 7500નો ઘટાડો, સોનાનો ભાવ રૂ. 2200 વધ્યો

રૂ.ચાંદી રૂ. 7,500 ઘટીને રૂ.2,64,500 પ્રતિ કિલો પર પહોંચી, સોનુ રૂ. રૂ.2,200 વધીને રૂ. 1,60,700 પ્રતિ 10 ગ્રામ થયું

નવી દિલ્હી, 10 ફેબ્રુઆરી (PTI): મજબૂત યુએસ ડોલર વચ્ચે રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે ચાંદીના ભાવમાં 7,500 અથવા લગભગ 3 ટકાનો ઘટાડો થઈને 2.64 લાખ પ્રતિ કિલો થયો હતો, જ્યારે સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 2,200નો વધારો જોવા મળ્યો હતો. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સફેદ ધાતુ (ચાંદી) સોમવારના 2,72,000 પ્રતિ કિલોના બંધ ભાવથી 7,500 ઘટીને 2,64,500 પ્રતિ કિલો (તમામ ટેક્સ સહિત) પર પહોંચી હતી. બીજી તરફ, 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં 2,200 અથવા 1.4 ટકાનો ઉછાળો આવ્યો હતો, જે વધીને 1,60,700 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) થયો હતો. અગાઉના બજાર સત્રમાં સોનું 1,58,500 પ્રતિ 10 ગ્રામ પર બંધ રહ્યું હતું.

વેપારીઓએ જણાવ્યું હતું કે જ્વેલર્સ અને રોકાણકારો દ્વારા સતત ખરીદીને કારણે સોનામાં સતત બીજા સત્રમાં તેજી જારી રહી હતી. HDFC સિક્યોરિટીઝના કોમોડિટીઝ સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, "મંગળવારે સોનામાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો, જ્યારે વેપારીઓ નવા આર્થિક સંકેતોની રાહ જોઈ રહ્યા હતા." તેમણે ઉમેર્યું કે નજીકના ગાળામાં બજાર સ્થિરતાના તબક્કામાં પ્રવેશતા સોના અને ચાંદીના ભાવ મર્યાદિત શ્રેણીમાં વધઘટ કરી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં, હાજર ચાંદી 1.13 ડોલર અથવા 1.37 ટકા ઘટીને 82.16 ડોલર પ્રતિ ઔંસ પર રહી હતી, જ્યારે સોનું મામૂલી ઘટાડા સાથે 5,052.43 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું.

શેરબજારમાં મોહભંગ થતા રોકાણકારો સેફટી ફર્સ્ટની રણનીતિ તરફ વળતા જોવાયા

મુંબઈ, તા. 10: શેરબજારમાં સતત વધઘટ અને ઊંચા વેલ્યુએશને કારણે ભારતીય રોકાણકારોનો વિશ્વાસ બદલાઈ ગયો છે. 'રિસ્ક હૈ તો ઈશ્ક હૈ'નો મંત્ર ઝાંખો પડતો જણાય છે અને રોકાણકારોએ 'સેફ્ટી ફર્સ્ટ'ની રણનીતિ અપનાવવાનું શરૂ કરી દીધું છે. જાન્યુઆરી 2026ના મ્યુચ્યુઅલ ફંડના ડેટા સાક્ષી આપી રહ્યા છે કે રોકાણકારો શેરબજારમાંથી પાછા ફર્યા છે અને હવે ગોલ્ડ ઈટીએફ અને ડેટ ફંડ્સને તેમનો નવો આધાર બનાવ્યો છે. આમ, શેરબજારમાંથી રોકાણકારોનો મોહભંગ થતો જોવા મળી રહ્યો છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવાનો ઉત્સાહ ઠંડો પડી રહ્યો છે. જાન્યુઆરી 2026માં સક્રિય મેનેજ્ડ ઈક્વિટી ફંડ્સમાં ચોખ્ખું રોકાણ ઘટીને 24028.59 કરોડ રૂપિયા થયું હતું. આ ઘટાડો સામાન્ય નથી, કારણ કે તે ડિસેમ્બર 2025માં રૂ. 28054.06 કરોડની સરખામણીમાં લગભગ 14 ટકા ઘટ્યો છે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ,,	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ,,	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

નાના રોકાણકારોને તક આપવાની તૈયારી, SIFમાં સેબી પ્રવેશ અવરોધ ઘટાડશે

એસઆઇએફમાં વ્યક્તિગત રોકાણકારોના રોકાણનું લઘુત્તમ મુલ્ય બે લાખથી ઘટાડીને 1000 રૂપિયા કરવાનો સેબીએ પ્રસ્તાવ મૂક્યો

નવી દિલ્હી, તા. 10: સેબીએ સોશિયલ સ્ટોક એક્સચેન્જ (એસએસઇ) ફ્રેમવર્કમાં ભાગીદારી વધારવા અને મજબૂત કરવા માટે સોશિયલ ઈમ્પેક્ટ ફંડ્સ (એસઆઈએફ) માં વ્યક્તિગત રોકાણકારોના રોકાણના લઘુત્તમ મૂલ્યમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સેબીએ જણાવ્યું હતું કે, સોશિયલ સ્ટોક એક્સચેન્જ એડવાઈઝરી કમિટી સાથેની ચર્ચાના આધારે, તેણે એસઆઈએફમાં વ્યક્તિગત રોકાણકારોના રોકાણનું લઘુત્તમ મૂલ્ય બે લાખ રૂપિયાથી ઘટાડીને એક હજાર રૂપિયા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સોશિયલ ઈમ્પેક્ટ ફંડ (એસઆઈએફ) એ સેબી-નિયમિત, ખાનગી રીતે યોજાયેલ રોકાણ વાહન છે જે ગરીબી અથવા આરોગ્યસંભાળના અંતર જેવી સામાજિક સમસ્યાઓ હલ કરવા માટે બિન-નફાકારક અથવા નફાકારક સામાજિક સાહસો જેવા સામાજિક સાહસોમાં તેના ભંડોળનું રોકાણ કરે છે.

ચીનનો દબદબો તૂટશે : મહત્વપૂર્ણ ખનીજો માટે ફ્રાન્સ-કેનેડા સહિત ચાર દેશો સાથે ભારતની વાટાઘાટો

નવી દિલ્હી, તા. 10: ભારત સરકાર ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે મહત્વપૂર્ણ ખનિજોની સપ્લાય માટે કેનેડા, ફ્રાન્સ, બ્રાઝિલ અને નેધરલેન્ડ સાથે મહત્વપૂર્ણ વાતચીત કરી રહી છે. આ સૂચિત સોદાઓમાં સંયુક્ત સંશોધન, ખાણકામ, પ્રોસેસિંગ અને ખનિજોના રિસાયક્લિંગનો સમાવેશ થઇ શકે છે. રોઇટર્સે સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ભારત સરકાર આ કરારો દ્વારા મહત્વપૂર્ણ ખનિજોનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે તેના વૈશ્વિક પ્રયાસો વધારી રહી છે.અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ ચર્ચાઓનું ધ્યાન મુખ્યત્વે લિથિયમ અને રેર અર્થ ખનીજ પર છે. આ ઉપરાંત ભારત ખનીજ પ્રોસેસિંગ સાથે જોડાયેલી અત્યાધુનિક ટેકનોલોજી સુધી પહોંચ પણ ઇચ્છે છે. ખાણ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારત હાલમાં ઘણા મહત્વપૂર્ણ મહત્વપૂર્ણ ખનિજો માટે ચીન પર નિર્ભર છે. ચીનની આ ખનિજોના વૈશ્વિક પુરવઠા પર માત્ર મજબૂત પકડ નથી, પરંતુ તેની પાસે આધુનિક ખાણકામ અને પ્રોસેસિંગ ક્ષમતાઓ પણ છે.

અદાણી ગ્રુપ માનહાનિ કેસમાં પત્રકાર રવિ નાયર દોષિત જાહેર

ગાંધીનગર, તા. 10 : ગાંધીનગરના માણસાની મેજિસ્ટ્રેટ કોર્ટે પત્રકાર રવિ નાયરને ફોજદારી માનહાનિના કેસમાં દોષિત ઠેરવીને તેમને એક વર્ષની જેલ અને દંડની સજા ફટકારી છે. આ કેસની વિગત મુજબ અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઇઝ લિ. દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં પત્રકાર રવિ નાયરે અદાણી એન્ટરપ્રાઇઝ તેમજ અદાણી ગ્રુપની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના હેતુથી ખોટા અને બદનક્ષીભર્યા નિવેદનો કરતી સંખ્યાબંધ ટ્વીટ્સ કરી તેને પ્રકાશિત અને પ્રસારિત કરી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

ઉમરગામ નગરપાલિકા
ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા વ્યવસાયવેરા યોજના ૨૦૨૪-૨૫ તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા.૧૧-૦૨-૨૦૨૬ના રોજ થી તા.૧૮-૦૨-૨૦૨૬ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

અ. નં	કામનું નામ	(૧) અંદાજીત ખર્ચ (૨) ઇ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) કેટેગરી
૧	વોર્ડ નં.૩ સંજાણ મેઇન રોડ ડોસલા મહાદેવ મંદિર રોડ પર ડામર રોડ બનાવવાનું કામ, વોર્ડ નં.૩ કાકડીયામોરા મુન્નીબેનના ઘરથી આંગણવાડી રોડ પર સી.સી રોડ બનાવવાનું કામ, વોર્ડ નં.૩ ડમરૂવાડી આંતરીક ગલીઓમાં સી.સી રોડ બનાવવાનું કામ, વોર્ડ નં.૩ ગોકુલધામ મેઇન રોડ થી વિપુલ રાયના ઘર સુધી સી.સી રોડ બનાવવાનું કામ. ((ત્રીજો પ્રયત્ન))	૨૯,૫૦,૧૮૩.૦૦ ૨૯,૫૦૦.૦૦ ૧૫૦૦.૦૦ "ઈ ૧" ક્લાસ અને તેની ઉપરની શ્રેણી વ્યવસાયવેરા યોજના ૨૦૨૪- ૨૫
૨	ઉમરગામ નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં આઠ(૦૮) જગ્યાઓ પર જીવીપી પોઇન્ટ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન)	૭,૮૧,૮૦૪.૦૦ ૮,૦૦૦.૦૦ ૯૦૦.૦૦ "ઇ-૨" ક્લાસ અને તેની ઉપરની શ્રેણી નિર્મળ ગુજરાત ૨.૦ યોજના વર્ષ ૨૦૨૫-૨૬

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૨૧.૦૨.૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૨૩.૦૨.૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.

નોંધ :- ઠેકેદારે પોતાનો ઇ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા — પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા — ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

ન. માહિતી/વલસાડ/૮૭૭/૨૦૨૬

અધિસુચના

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬
ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૯)
નગર રચના યોજના નં.૨૬ (આભવા)
પ્રારંભિક યોજના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ-(૧) ની જોગવાઈઓ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકેના પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો આજ રોજ તા.૦૯/૦૨/૨૦૨૬ ને સોમવારના રોજ જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઇઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૯) ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટો માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-'૬' ની નકલ આ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને તેમજ હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામા આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સ્થળ:સુરત
તા.૦૯/૦૨/૨૦૨૬

કચેરીનું સરનામું:-
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૨, સુરત નગર રચના યોજના, એકમ-૨, સુરત
બીજો માળ, જુની વરાછા (ઈસ્ટ) ઝોન ઓફિસ, ઝવેરચંદ મેઘાણી બાગની પાછળ મીની બજાર, વરાછા, સુરત-૩૯૫૦૦૬
ફોન:- ૦૨૬૧-૨૯૯૭૦૧૦
Email Id: stp-tpo2-srt@gujarat.gov.in

(એ.વી.રાણા)
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૨,
સુરત નગર રચના યોજના એકમ-૨,
સુરત.

ક્રમાંક : માહિતી-સૂરત/૧૪૬૭/૨૦૨૬

ભરૂચ નગરપાલિકા - ભરૂચ જી. ભરૂચ
ઓનલાઈન જાહેર નિવિદા (સુધારો)

આથી ભરૂચ નગરપાલિકા,ભરૂચ, જિ.ભરૂચને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	અંદાજિત રકમ રૂ. (લાખ)
૧	સને વર્ષ ૨૦૨૨-૨૩ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સ્ટોર રૂમનો શેડ અને રીટેનીંગ વોલ બનાવવાની કામગીરી.	૨૦.૨૨
૨	સને વર્ષ ૨૦૨૩-૨૪ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારમાં પેવર બ્લોક તથા સી. સી. રોડ ની કામગીરી.	૧૮.૭૮
૩	સને વર્ષ ૨૦૨૪-૨૫ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારમાં પ્રોટેક્શન વોલ, પેવર બ્લોક તથા સી. સી. રોડ ની કામગીરી.	૧૪.૨૯
૪	સને વર્ષ ૨૦૨૪-૨૫ વ્યવસાઈ વેરા યોજના હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારમાં સી. સી. રોડ, વજની કાંટા, દિવાલ તેમજ નાળું બનાવવાની કામગીરી.	૧૩૧.૭૫
૫	નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ જુદી-જુદી જગ્યા એ GVP ની કામગીરી.	૧૨.૯૬
૬	સને વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ રોડ રીસરફેસિંગ (બચત) યોજના હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારમાં ડામર રોડ ની કામગીરી.	૧૪૨.૪૩
૭	સ્વભંડોળ હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારમાં ડામર રોડ પેચવર્ક ની કામગીરી.	૪૧.૨૯
૮	સ્ટેટ ક્લિન એર પ્રોગ્રામ હેઠળ, ભરૂચ ખાતે ૧૦૦૦ સંખ્યામાં વૃક્ષોની વાવણી, સંચાલન તથા ૩ વર્ષ સુધીની નિભાવણીની કામગીરી.	૩૦.૩૦
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય		૧૪/૦૨/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું		૧૭/૦૨/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાકે સુધીમાં ચીફ ઓફિસર, ભરૂચ નગરપાલિકા,મુ. ભરૂચ, જિ. ભરૂચ
ટેકનીકલ બિડ ખોલવાની તારીખ:		૧૮/૦૨/૨૦૨૬, ૧૧.૦૦ કલાકે
પ્રાઇસ બિડ ખોલવાની તારીખ:		૧૮/૦૨/૨૦૨૬, ૧૧.૩૦ કલાકે
સુધારો		
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય		૧૬/૦૨/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું		૧૮/૦૨/૨૦૨૬,૧૧.૩૦ કલાકે સુધીમાં ચીફ ઓફિસર, ભરૂચ નગરપાલિકા,મુ. ભરૂચ, જિ. ભરૂચ
ટેકનીકલ બિડ ખોલવાની તારીખ:		૧૯/૦૨/૨૦૨૬, ૧૧.૦૦ કલાકે
પ્રાઇસ બિડ ખોલવાની તારીખ:		૧૯/૦૨/૨૦૨૬, ૧૧.૩૦ કલાકે

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.statetenders.gujarat.gov.in અને https://tender.nprocure.com/ વેબસાઈટ ઉપર સુધારેલ તા. ૦૬/૦૨/૨૦૨૬ ના રોજથી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી/ભરૂચ/૭૭૨ (૭૫૫નો સુધારો)/૨૦૨૬

સુડોકુ ૪૪૨૪ - 'કૃતિ'

	૮			૯	૭			૩
			૧		૨			
૨			૪	૩	૮			૫
						૩		૮
૩	૪	૭						
૮	૨					૬		
	૬			૮	૧	૭	૫	
	૯		૭			૮	૩	
		૮					૧	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૮	૨	૬	૨	૯	૭	૩	૧
૨	૬	૧	૭	૩	૮	૫	૪	૯
૯	૩	૭	૫	૧	૪	૮	૨	૬
૮	૯	૬	૨	૭	૧	૩	૫	૪
૭	૨	૩	૪	૬	૫	૧	૯	૮
૩	૧	૪	૮	૯	૩	૨